# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28-11-2024 MIDDAY : 1.20 to 1.30
Day : THURSDAY National News

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

****************************************************

1) વિપક્ષોના હોબાળાના પગલે રાજ્યસભાની કામગીરી આવતીકાલે સવાર સુધી મોકૂફ.
2) ઝારખંડમાં હેમંત સોરેનનો મુખ્યમંત્રી પદનો આજે સાંજે શપથગ્રહણ સમારંભ યોજાશે
3) ઇઝરાયેલે પ્રધાનમંત્રી નેત્યન્યાહૂ અને સંરક્ષણ મંત્રી સામે આંતર-રાષ્ટ્રીય ફોજદારી અદાલતે જાહેર કરેલા ધરપકડ વોરંટને પરત લેવા અપીલ કરી
4) ગોવા ખાતે ચાલી રહેલા 55મા ભારતીય આંતર-રાષ્ટ્રીય ફિલ્મ સમારોહની આજે પૂર્ણાહૂતિ થશે
5) ઓમાનમાં રમાઈ રહેલી પુરુષોની જૂનિયર એશિયા હોકી કપ સ્પર્ધામાં ભારત આજે જાપાન સામે રમશે.

****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## SANSAD

વિપક્ષોના ભારે શોરબકોર અને સૂત્રોચ્ચાર બાદ સંસદના બંને ગૃહોની કામગીરી આવતીકાલ સવારના અગિયાર વાગ્યા સુધી મોકૂફ રાખવામાં આવી છે..

આજે સવારે જ્યારે લોકસભાની બેઠક મળી, ત્યારે કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ડીએમકે અને અન્ય સહિતના વિપક્ષી પક્ષોએ એક અગ્રણી વેપારી જૂથ સામે કથિત લાંચના આરોપો સહિતના વિવિધ મુદ્દાઓ પર હંગામો મચાવ્યો હતો. વિરોધ કરી રહેલા સભ્યો સૂત્રોચ્ચાર કરતા વેલ સુધી ધસી ગયા હતા. જેને કારણે સંસદના બંને ગૃહોની કામગીરી પહેલા બાર વાગ્યા સુધી સ્થિગત કરી દેવાઇ હતી. બપોરે બાર વાગ્યા બાદ કામગીરી ફરી શરુ થઇ હતી અને લોકસભાના અધ્યક્ષે પ્રશ્નોત્તરી માટેની કામગીરી કરાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ વિપક્ષોના હોબાળાને કારણે આ કામગીરી ન થઇ શકતા લોકસભાની કાર્યવાહી આવતીકાલ ઉપર મોકૂફ રખાઇ છે. રાજ્યસભામાં પણ સ્થિતિ યથાવત રહેતા તેને પણ મોકૂફ રાખવાની ફરજ પડી હતી. સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ વિપક્ષોના આવા અભિગમને વખોડ્યો હતો.

**(બાઇટ પ્રહલાદ જોશી, સંસદીય બાબતોના મંત્રી)**

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ સભામાં વિક્ષેપ બદલ વિપક્ષની ટીકા કરી હતી.

અગાઉ, કોંગ્રેસના પ્રિયંકા ગાંધી વાડ્રા અને તાજેતરમાં યોજાયેલી પેટાચૂંટણીમાં જીતેલા રવિન્દ્ર વસંતરાવ ચવ્હાણે લોકસભામાં સંસદ સભ્ય તરીકે શપથ લીધા હતા.

## PIYUS GOEL PRESS CONF

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું કે, તમામ ક્ષેત્રોના વિકાસે વાણિજ્ય, સંશોધન અને રોકાણ માટે ભારતને વિશ્વના દેશો માટે આકર્ષણનું કેન્દ્ર બનાવ્યું છે. આજે નવી દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, શ્રી ગોયલે કહ્યું કે, ડિજિટલ ઈન્ડિયા અભિયાન ક્રાંતિકારી સાબિત થઇ રહ્યું છે. તેના કારણે ભારતને ડેટા સેન્ટર, એઆઈ સંશોધન અને વૈશ્વિક ક્ષમતા તરીકેને વૈશ્વિક ઓળખ

મળી છે. તેમણે ઉમેર્યું કે  ઇન્ટરકનેક્ટેડ ગ્રીડ નેટવર્કની શરૂઆતના કારણે અને માળખાગત વિકાસે રાષ્ટ્રના જોડાણમાં ક્રાંતિ આવી છે.

શ્રી ગોયલે ખાતરી આપી કે અમેરિકા અને બ્રિટનમાં શાસન પરિવર્તનની વર્તમાન વેપાર ભાગીદારી પર કોઈ અસર નહીં થાય. તેમણે ઉમેર્યું કે ભારત સંસદના શિયાળુ સત્ર પછી યુનાઇટેડ કિંગ્ડમ સાથે તેમના મુક્ત વેપાર કરાર પર વાતચીત યથાવત્ રાખશે.

## ESIC PMJAY

શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું કે કર્મચારી રાજ્ય વીમા નિગમ - ESIC, આયુષ્માન ભારત – પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના AB-PMJAYની સુવિધાઓનો સમાવેશ કરી કર્મચારીઓને ઉચ્ચતમ આરોગ્ય સેવાઓ આપવા કામ કરી રહી છે. આજે જાહેર કરાયેલા એક નિવેદનમાં મંત્રાલયે જણાવ્યું કે, આ યોજનાના અમલથી અંદાજે 14 કરોડથી વધુ કર્મચારીઓ અને તેમના પરિવારોને લાભ થશે.

મંત્રાલયે વધુમાં જણાવ્યું કે, આ સમાવેશીકરણથી કર્મચારીઓને દેશભરમાં ગુણવત્તાયુક્ત અને વ્યાપક તબીબી સંભાળ પ્રદાન કરાશે. કર્મચારીઓ દેશભરમાં 30 હજારથી વધુ AB-PMJAY સાથે સંકાળાયેલી હોસ્પિટલોમાં ગૌણ તબીબી સેવાઓનો સારવારના ખર્ચ પર કોઈ પણ નાણાકીય મર્યાદાઓ વગર લાભ મેળવી શકશે. મંત્રાલયે કહ્યું કે, દેશભરની ચેરિટેબલ હોસ્પિટલોને પણ ESI લાભાર્થીઓની સારવાર માટે સૂચિબદ્ધ કરાશે.

## ZARKHAND CM OATH CEREMONY

ઝારખંડ મુક્તિ મોરચાના  નેતા હેમંત સોરેન આજે ઝારખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. રાજ્યપાલ સંતોષ કુમાર ગંગવાર સાંજે 4 વાગ્યે રાંચીના

**મોરહબાદી મેદાનમાં આયોજિત કાર્યક્રમમાં શ્રી સોરેનને હોદ્દા અને ગુપ્તતાના શપથ લેવડાવશે. અમારા સંવાદદાતા જણાવે છે કે શપથગ્રહણ સમારોહ માટે પુરતી વ્યવસ્થા કરવામાં આવી છે.**

**આ સમારંભમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલિકાર્જુન ખડગે ઉપરાંત લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી, દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને વરિષ્ઠ આરજેડી નેતા તેજસ્વી પ્રસાદ યાદવ પણ ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં મેઘાલયના મુખ્યમંત્રી કોનરાડ સંગમા, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદરસિંહ સુખુ પણ ઉપસ્થિત રહે તેવી શક્યતા છે. ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે આજે રાંચીની તમામ શાળાઓ બંધ છે.**

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલોં કરી શકો છો.

## ISREAL ARREST WARRANT

**ઇઝરાયેલે પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુ અને ભૂતપૂર્વ સંરક્ષણ મંત્રી યોવ ગેલન્ટ વિરુદ્ધ ધરપકડ વોરંટને સ્થગિત કરવા આંતર-રાષ્ટ્રીય ફોજદારી અદાલત -ICCને અપીલ કરી છે. ઇઝરાયેલના બંને નેતાઓ વિરુદ્ધ વર્ષ 2023-24 ગાઝા યુદ્ધના અપરાધ મામલે આંતર-રાષ્ટ્રીય ગુના બાબતોની અદાલતે બંને વિરૂદ્ધ ધરપકડ વોરંટ**

જાહેર કર્યું છે. તેમની સામે 8 ઓક્ટોબર, 2023 અને 20 મે, 2024 વચ્ચે આચરવામાં આવેલા માનવતા વિરુદ્ધના ગુનાઓનો આરોપ છે.

ઇઝરાયેલની સરકાર ICCના અધિકાર ક્ષેત્ર અને વોરંટની કાયદેસરતા સામે લડી રહી છે અને દેશ સામે પક્ષપાતનો દાવો કરી રહી છે. જ્યારે અમેરિકા અને ફ્રાન્સે વોરંટની ટીકા કરી છે. જયારે યુનાઇટેડ કિંગ્ડમ અને કેનેડાએ આ વોરંટને યોગ્ય ગણાવ્યું છે. ફ્રાન્સની સરકારે દાવો કર્યો કે બેન્જામિન નેતન્યાહુને યુદ્ધ અપરાધો માટે આંતર-રાષ્ટ્રીય ફોજદારી અદાલત દ્વારા જાહેર કરાયેલા ધરપકડ વોરંટમાંથી મુક્તિ મળે છે કારણ કે ઇઝરાયેલ ICC સભ્ય નથી.

## TRUMP-JAY-BHATTACHARYA

અમેરિકાના પદનામિત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીય મૂળના જય ભટ્ટાચાર્યને અમેરિકાની મુખ્ય જાહેર આરોગ્ય સંસ્થાના આગામી નિદેશક તરીકે નિયુક્ત કર્યા છે. શ્રી ભટ્ટાચાર્ય સ્ટેનફર્ડના ચિકિત્સક અને જાણીતા અર્થશાસ્ત્રી છે. નિમણૂક બાદ તેઓ વિશ્વની સૌથી મોટી બાયો-મેડિકલ સંશોધન સંસ્થા રાષ્ટ્રીય આરોગ્ય સંસ્થાનું નેતૃત્વ કરશે. પશ્ચિમ બંગાળના કોલકાતામાં જન્મેલા શ્રી ભટ્ટાચાર્ય અમેરિકામાં સ્થળાંતરિત થયા હતા.

## IFFI

ગોવામાં ચાલી રહેલા 55મા ભારતીય આંતર-રાષ્ટ્રીય ફિલ્મ સમારોહની આજે પૂર્ણાહૂતિ થશે. આ સમારોહના અંતિમ દિવસે આજે ફિલ્મનિર્માતા રમેશ સિપ્પી “સિનેમામાં રચનાત્મક ભવિષ્ય માટે યુવાનોનું સશક્તિકરણ” વિષય અંગેના સત્રને સંબોધશે. ત્યારબાદ શ્રી સિપ્પી મોહિત સોની સાથે “ઉત્કૃષ્ટતા માટે જૂનુન” વિષય પર રમેશ સિપ્પી સાથે સંવાદ કરશે.

સમારોહમાં આજે પેહલી વાર નિર્દેશન કરનારા ભારતીય નિર્દેશકોમાંથી એક મનોહર કે.ની ફિલ્મ “મિક્કા બન્નાડા હક્કી”ને દર્શાવાશે. સમાપન ફિલ્મ “ડ્રાઈ સીઝન” 2 સિનેમાઘરોમાં પ્રદર્શિત કરાશે.

## HOCKEY-JN ASIA CUP

ઓમાનના મસ્કતમાં રમાઈ રહેલી પુરુષોની જૂનિયર એશિયા હોકી કપ 2024 સ્પર્ધામાં ભારત તેની બીજી મેચમાં આજે જાપાન સામે ટકરાશે. શનિવારે ભારત ચાઈનઝ તાઇપેઇ સામે તથા ગ્રુપ સ્ટેજની ફાઇનલમાં રવિવારે કોરિયા સામે રમશે.

પુરુષ જૂનિયર એશિયા કપ હૉકીમાં ગઈકાલે ભારતીય જૂનિયર પુરુષ હૉકી ટીમે પોતાની પેહલી મેચમાં થાઈલેન્ડને 11 શૂન્યથી હરાવ્યું હતું.

ભારત તરફથી અરજીત સિંહ હુન્દલ, સૌરભ આનંદ કુશવાહા અને ગુરજોત સિંહે 2-2 ગૉલ કર્યા હતા. જ્યારે અર્શદીપ સિંહ, શારદાનંદ તિવારી, દિલરાજ સિંહ, રોહિત અને મુકેશ ટોપ્પોએ એક-એક ગૉલ કર્યો હતો.

ભારતે રમતની શરૂઆતથી અંત સુધી નિયંત્રણ જાળવી રાખવા વધુ મજબૂતીથી પોતાના ક્ષેત્રમાં બચાવ કર્યો હતો. હવે ભારતની આગામી મેચ આજે જાપાન સામે રમાશે.

## DEEP DEPRESSION - SL

દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીમાં સર્જાયેલા ભારે દબાણના કારણે શ્રીલંકાના કેટલાક ભાગો પ્રતિકૂળ હવામાનની અસર હેઠળ છે. શ્રીલંકાના હવામાન વિભાગના જણાવ્યા મુજબ ડીપ ડિપ્રેશન સવારે ત્રિંકોમાલીથી 100 કિલોમીટર ઉત્તર-પૂર્વમાં સ્થિત હતું. જાહેર કરાયેલી ચેતવણીમાં જણાવાયું છે કે વાવાઝોડું ધીમે ધીમે,

ઉત્તર-ઉત્તર પશ્ચિમ તરફ શ્રીલંકાના પૂર્વ કિનારાની નજીક જશે અને આજે વધુ તીવ્ર બનીને ચક્રવાતી તોફાનમાં પરિવર્તિત થવાની સંભાવના છે.

દરમિયાન શ્રીલંકાની નૌકાદળ અને વાયુસેનાની બચાવ ટુકડીઓ રાહત કામગીરીમાં કરી રહી છે. વાવાઝોડાને કારણે અત્યાર સુધીમાં 4 લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે 6 હજુ પણ ગુમ છે. ચક્રવાત અને વરસાદને કારણે બે લાખ ત્રીસ હજારથી વધુ લોકો અસરગ્રસ્ત બન્યાં છે.